# <u>રાજ્યમાં પાક પરિસ્થિતી અને વરસાદ અંગેની ટુંકી નોંધ</u>

**પ્રસ્તાવના**

**માન.અધ્યક્ષશ્રી,**

ખેડૂતોના હિતને વરેલી માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકાર હરહંમેશ ખેડૂતોની પડખે રહી છે. અતિવૃષ્ટિ હોય, અનાવૃષ્ટિ હોય, વાવાઝોડું હોય કે અન્ય કોઈ આપત્તિ હોય જેના કારણે ખેડૂતોને પાક નુકશાન થતું હોય તેવી કોઈપણ પરિસ્થિતિમાં સરકારે ખેડૂતોને સદાય મદદ કરી છે. અમારા ખેડૂતોના હિતચિંતક મુખ્યમંત્રીશ્રીને લગભગ દરેક આપત્તિના સમયે ખેડૂતોના ખેતરે જાતે જઈને પરિસ્થિતિની સમીક્ષા કરવા સાથે ખેડૂતોના દુઃખમાં સધીયારો પૂરો પડતા સૌ કોઈએ જોયા છે. માન. મુખ્યમંત્રીશ્રીએ ઉદાર હાથે રાજ્યની તિજોરી ખેડૂતોની સહાય માટે ખુલ્લી રાખી છે. તે માટે ખેડૂતો વતી હું માન.મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

રાજ્યમાં ગત વર્ષે આ સમયગાળા દરમ્યાન ૮૨ લાખ ૧૯ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયેલ, જેની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૭૯ લાખ ૨૩ હજાર હેક્ટર માં વાવેતર થયેલ છે. જેમાં મુખ્ય ખરીફ પાકો જેવા કે મગફળી પાકનું ૧૯ લાખ, ૮ હજાર કપાસ પાકનું ૨૩ લાખ ૫૮ હજાર હેક્ટર અને તેલીબિયા પાકોનું ૨૫ લાખ ૮૮ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે.

**રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૭૯ લાખ ૨૩ હજાર હેક્ટર એટલે કે ૯૨.૫૭% વિસ્તારમાં વાવેતર થયેલ છે.**

રાજ્યમાં સાર્વત્રિક વરસાદ નોંધાયેલ છે. રાજ્યમાં સરેરાશ વરસાદની સામે ૭૨.૮૬% વરસાદ નોંધાયેલ છે. જેમાં **ઉત્તર ગુજરાત ઝોનમાં ૫૪.૭૩%** અને **મધ્ય ગુજરાત ઝોનમાં ૫૬.૭૮%, સૌરાષ્ટ્ર ઝોનમાં ૮૦.૮૬%, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૮૬.૮૫%,** તેમજ **કચ્છ ઝોનમાં ૮૮.૮૪%** વરસાદ નોંધાયેલ છે. આમ સાર્વત્રિક વરસાદ થવાને લીધે પાક પરિસ્થિતિ એકંદરે સારી જણાયેલ છે તેમજ મોટાભાગના પાકો વાનસ્પતિક વૃધ્ધિ તથા ફુલ અવસ્થાએ છે.

**નિયમ–૧૧૬ ની સુચના અન્વયે પ્રશ્ન**

**પ્રશ્ન :** **તાજેતરમાં જુલાઇ માસમાં પડેલ ભારે વરસાદના કારણે જુનાગઢ જિલ્લામાં પાક નુકસાન સર્વેની કામગીરી હાથ ધરાયેલ છે કે કેમ ? કુદરતી આપત્તિમાં ખેડૂતોને સહાયરૂપ થવા સરકારશ્રીએ શાં પગલાં લીધેલ છે ?**

**જવાબ:** તાજેતરમાં જુલાઇ માસમાં પડેલ ભારે વરસાદના કારણે જુનાગઢ જિલ્લાના આઠ તાલુકાઓમાં કુલ ૬૪ ટીમોની રચના કરી વિગતવાર પાક નુકસાન સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

કોઇ કુદરતી આપત્તિની ઘટના બને ત્યારે રાજય સરકારશ્રી ખેડૂતોના વિશાળ હિતમાં ખેડૂતોને મદદરૂપ થવા નિયમોનુસારની જોગવાઇઓ મુજબ સહાય કરવામાં આવે છે. સરકારશ્રી દ્વારા ખાસ કિસ્સામાં વિશેષ સહાય જાહેર કરવામાં આવે છે.

**<u>નિયમ-૧૧૬ ની સુચના અન્વયે પ્રશ્ન</u>**

**પ્રશ્ન :** **રાજયમાં કઈ કઈ કુદરતી આપત્તિઓથી થતાં પાક નુકશાન માટે ખેડૂતોને સહાય મળે છે?**

**જવાબ:** રાજયમાં કુદરતી આપત્તિઓ જેવી કે (૧) ભારે વરસાદ-પૂર (૨) વાદળ ફાટવું (૩) વાવાઝોડુ (૪) દુષ્કાળ (૫) ભૂકંપ/ત્સુનામી (૬) જમીન ધસી પડવી (૭) હિમપ્રપાત (૮) કરાની વૃષ્ટિ (૯) ઠાર અને શીત લહેર (૧૦) જીવાતનું આક્રમણ (૧૧) આગ વિગેરેથી થતાં નુકશાન માટે સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક: સીએલએસ/ ૧૦૨૦૧૨/ ૨૫૩/સ.૩ તા.૨૭/૦૪/૨૦૧૫ ની જોગવાઈઓ મુજબ સહાય મળે છે.

**<u>નિયમ–૧૧૬ ની સુચના અન્વયે પ્રશ્ન</u>**

**પ્રશ્ન :** **છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં કુદરતી આપત્તિના કારણે થયેલ પાક નુકસાન અંતર્ગત કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?**

**જવાબ:** છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં કુદરતી આપત્તિના કારણે થયેલ પાક નુકસાન અંતર્ગત SDRF માંથી રૂ. ૫૧૪૮/– કરોડથી વધુ સહાય ઉપરાંત રાજય બજેટમાંથી વધારાની સહાય રૂ.૨૦૯૪/– કરોડથી વધુ એમ કુલ ૬૪,૩૮,૩૦૦ ખેડૂતોને રૂ. ૭૨૪૩/– કરોડની માતબર સહાય ચૂકવેલ છે.

## નિયમ-૧૧૬ ની સુચના અન્વયે પ્રશ્ન

**પ્રશ્ન ૪: કુદરતી આપતિની ઘટનાના કારણે થયેલ પાક નુકસાનીમાં SDRF હેઠળ કેટલી સહાય મળવાપાત્ર થાય છે ??**

**જવાબ:** સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૫ તેમજ તા.૧૦/૧૦/૨૦૨૩ ના ઠરાવ મુજબ સ્ટેટ ડીઝાસ્ટર રીસ્પોંસ ફંડ (SDRF)ના ધારાધોરણો મુજબ જે કિસ્સાઓમાં પાકમાં ૩૩% અને ૩૩% કરતા વધારે નુકશાન થાય તો SDRFના ધારાધોરણ મુજબ નીચે મુજબ સહાય મળવાપાત્ર થાય છે.

- **પાક નુકસાની સહાયના ધોરણો:**
  - **નાના અને સીમાંત ખેડૂતોને ઇનપુટ સબસીડી (૩૩% અને તેથી વધુ નુકશાનના કિસ્સામાં)**
    - રૂ.૮,૫૦૦/- પ્રતિ હેક્ટર બિન-પિયત પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂ.૧,૦૦૦/- થી ઓછી નહીં તેટલી સહાય)
    - રૂ.૧૭,૦૦૦/- પ્રતિ હેક્ટર પિયત પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂ.૨,૦૦૦/- થી ઓછી નહીં તેટલી સહાય)
    - રૂ.૨૨,૫૦૦/- પ્રતિ હેક્ટર બારમાસી પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂ.૨,૫૦૦/- થી ઓછી નહીં તેટલી સહાય)

- **નાના અને સિમાંત સિવાયના ખેડુતો (પાકને ૩૩% અને તેથી વધારે નુકશાનના કિસ્સામાં) (વધુમાં વધુ ૨ હેક્ટરની મર્યાદામાં જ સહાય ચૂકવી શકાશે)**
  - રૂ.૮,૫૦૦/- પ્રતિ હેક્ટર બિન પિયત પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં)
  - રૂ.૧૭,૦૦૦/- પ્રતિ હેક્ટર પિયત પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં)
  - રૂ.૨૨,૫૦૦/- પ્રતિ હેક્ટર બારમાસી પાકો માટે (વાવેતર વિસ્તારની મર્યાદામાં)